ઈશ્વર જ્યાં જાય છે ત્યાં તેમના વચનો પણ તેમની સાથે જાય છે. દરેક દિવસની શરૂઆત તમારા ખિસ્સામાં રાખેલ કલમ દ્વારા કરો અને તેથી તમે જ્યાં જશો ત્યાં ઈશ્વર પણ સાથે જશે. આ સપ્તાહની કલમો 'પવિત્ર શાસ્ત્ર" (બાઈબલ) વિષેની છે.

શનિવાર

**મેં તમારું વચન મારા હૃદયમાં રાખી મૂક્યું છે**

ગીતશાસ્ત્ર ૧૧૯:૧૧

GJ.RV

શુક્રવાર

**સંદેશો સાંભળવાથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે, તથા વચન દ્વારા સંદેશો સાંભળવામાં આવે છે**

રોમનોને પત્ર ૧૦:૧૭

GJ.RV

ગુરુવાર

**બી તો ઈશ્વરનું વચન છે**

લુક ૮:૧૧

GJ.RV

બુધવાર

**માણસ એકલી રોટલીથી નહીં, પણ દરેક શબ્દ જે ઈશ્વરના મોંમાંથી નીકળે છે તેથી જીવશે**

માથ્થી ૪:૪

GJ.RV

મંગળવાર

**દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે**

૨ તિમોથી ૩:૧૬

GJ.RV

સોમવાર

**શું તમે એ કારણથી ભૂલ નથી કરતા કે, તમે ધર્મલેખો તથા ઈશ્વરનું પરાક્રમ જાણતા નથી?**

માર્ક ૧૨:૨૪

GJ.RV

ઈશ્વર જ્યાં જાય છે ત્યાં તેમના વચનો પણ તેમની સાથે જાય છે. દરેક દિવસની શરૂઆત તમારા ખિસ્સામાં રાખેલ કલમ દ્વારા કરો અને તેથી તમે જ્યાં જશો ત્યાં ઈશ્વર પણ સાથે જશે. આ સપ્તાહની કલમો 'પવિત્ર આત્મા" વિષેની છે.

શનિવાર

**કેમકે જેટલા ઈશ્વરના આત્માથી દોરાય છે, તેટલા ઈશ્વરના દીકરા છે**

રોમનોને પત્ર ૮:૧૪

GJ.RV

શુક્રવાર

**સંબોધક એટલે પવિત્ર આત્મા, જેને પિતા મારે નામે મોકલી આપશે, તે તમને બધું શીખવશે**

યોહાન ૧૪:૨૬

GJ.RV

ગુરુવાર

**તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને ઈશ્વરની વાત હિંમતથી બોલવા લાગ્યા**

પ્રેરિતોના કૃત્યો ૪:૩૧

GJ.RV

બુધવાર

**પવિત્ર આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે. એવાંની વિરુદ્ધ કોઈ નિયમ નથી**

ગલાતી ૫:૨૨-૨૩

GJ.RV

મંગળવાર

**આપણને આપેલ પવિત્ર આત્માથી આપણા અંતઃકરણમાં ઈશ્વરનો પ્રેમ વહેવડાવવામાં આવેલો છે**

રોમનોને પત્ર ૫:૫

GJ.RV

સોમવાર

**યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું, પણ તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો**

પ્રેરિતોના કૃત્યો ૧૧:૧૬

GJ.RV

ઈશ્વર જ્યાં જાય છે ત્યાં તેમના વચનો પણ તેમની સાથે જાય છે. દરેક દિવસની શરૂઆત તમારા ખિસ્સામાં રાખેલ કલમ દ્વારા કરો અને તેથી તમે જ્યાં જશો ત્યાં ઈશ્વર પણ સાથે જશે. આ સપ્તાહની કલમો 'બીક" વિષેની છે.

શનિવાર

**ઈશ્વરે આપણને ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુદ્ધિનો આત્મા આપ્યો છે**

૨ તિમોથી ૧:૭

GJ.RV

શુક્રવાર

**તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો. તમે ઈશ્વર પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ વિશ્વાસ રાખો**

યોહાન ૧૪:૧

GJ.RV

ગુરુવાર

**યહોવા મારું અજવાળું તથા મારું તારણ છે; હું કોનાથી બીઉં?**

ગીતશાસ્ત્ર ૨૭:૧

GJ.RV

બુધવાર

**તું બીશ નહિ, કેમ કે હું તારી સાથે છું**

યશાયા ૪૧:૧૦

GJ.RV

મંગળવાર

**હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તમે મારી સાથે છો**

ગીતશાસ્ત્ર ૨૩:૪

GJ.RV

સોમવાર

**જ્યારે મને બીક લાગશે ત્યારે હું તમારા પર ભરોસો રાખીશ**

ગીતશાસ્ત્ર ૫૬:૩

GJ.RV